## તાલુકા પંચાયત પદાધિકારીઓ માટે તાલીમ મોડ્યુલ


## વર્ષ-૨૦૧૮

**તાલુકા પંચાયતની પૂર્વ ભૂમિકા-**

ગ્રામ પંચાયત  અને જિલ્લા પંચાયતની વચ્ચેનું જોડાણ કરતુ માળખું એટલે "તાલુકા પંચાયત".ત્રિસ્તરીય માળખામાં તાલુકા પંચાયતનું કામ બે માળખા વચ્ચે કળી/સાંકળ બનવાનું છે. તાલુકા પંચાયતના પધાધિકારીઓ માટે તેમની સત્તા-ફરજો અને કામગીરી વિષે જાણવું,માહિતગાર થવું અને સક્રિય રીતે પોતાની ભૂમિકા નિભાવવી અતિ મહત્વનું બની રહે છે.૧૯૯૩થી ૭૩માં બંધારણીય સુધારાથી સમગ્ર ભારતમાં ત્રિસ્તરીય અમલમાં આવ્યું છે.તેમ છતાં કેટલાક રાજ્યોમાં બે સ્તરની પંચાયતો છે.જેમાં આ મુજબની **બે સ્તરીય પંચાયત ધરાવતા રાજ્યોનો સમાવેશ થાય છે.** **૧**.આસામ **૨**.મધ્ય પ્રદેશ **૩**.કર્ણાટક **૪**.ઓરિસ્સા **૫**.હરિયાણા **૬**.દિલ્હી **૭**.પોંડીચેરી ( ગ્રામ પંચાયત અને પંચાયત સમિતિછે.)**ત્રિસ્તરીય પંચાયત** **૧**.ઉતર પ્રદેશ**૨**.રાજસ્થાન **૩**.આંધ્રપ્રદેશ **૪**.પંજાબ **૫**.ગુજરાત **૬**.બિહાર **૭**.મહારાષ્ટ્ર ૮.હિમાચલ ૯.તમિલનાડુ **૧૦**.ગોવા(ગોવા ત્રિસ્તરીય માળખું છે,પરંતુ તાલુકા પંચાયતની બદલે તાલુકા પરિષદ છે. **ચાર સ્તરીય સ્તરીય** પશ્ચિમ બંગાળ એક માત્ર રાજ્ય છે જેમાં ચાર સ્તરીય પંચાયતીરાજ વ્યવસ્થા છે,જેમાં ગ્રામ પંચાયત,અંચલ પંચાયત,આંચલિક પરિષદ અને જિલ્લા પરિષદ. **ખાસ બાબત** એ છે કે ૨૦ લાખથી વધુ વસ્તી ધરાવતા રાજ્યમાં એક ત્રિસ્તરીય માળખાની(ગ્રામ પંચાયત,તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત)પ્રથા રહેશે.અન્ય રાજ્યોમાં કોઈ માધ્યમ(તાલુકા પંચાયત નહિ રહે) વગર બે સ્તરીય માળખું રહેશે.

## તાલુકા પંચાયત પદાધિકારીઓ માટે તાલીમ મોડ્યુલ

| ક્રમ | વિષય/સત્ર | સમય | ટુલ્સ | પધ્ધતિ | પરિણામ |
|---|---|---|---|---|---|
| ૧. | પરિચય | ૧૫ મિનીટ | કટકાર્ડપેન,બોર્ડ,માર્કર/ચોક | દરેક સહભાગી કટ કાર્ડ પર પોતાનું નામ,બેઠક પ્રકાર,મત વિસ્તાર અને તાલીમથી પોતાની મુખ્ય બે અપેક્ષા લખશે અને વારાફરતી તેને રજૂઆત કરશે,તાલીમકાર સહભાગીઓની અપેક્ષાઓ પૈકી મુખ્ય બાબતોની વ્હાઈટ/બ્લેક બોર્ડ પર નોંધશે. | દરેક સહભાગીને તાલીમમાં સહભાગી થવાનું વાતાવરણ મળશે,જેનાથી પોતાની જરૂરિયાતને વ્યક્ત કરવાનું અને શીખવાનું પ્લેટફોર્મ મળશે. |
| ૨. | સંસ્થા પરિચય અને તાલીમ હેતુ. | ૧૦ મિનીટ | ભાષણ | સંસ્થાના પ્રતિનિધિ દ્વારા આવેલ તમામ સહભાગીઓને આવકાર સાથે સંસ્થાની કામગીરી અને તાલીમ શા માટે તેનો હેતુ અંગે અવગત કરાવશે. | તાલીમમાં સહભાગી થનાર સાથે સંસ્થા સાથેનો પરિચય અને કાર્યથી પરિચિત થશે. |
| ૩. | પંચાયતીરાજ અને રચના, કલમ-૧૩૬,૧૩૭) | ૧ કલાક | પોસ્ટર(ત્રિસ્તરીય) | તાલીમકાર પોસ્ટરના માધ્યમથી પંચાયતીરાજનું માળખું,તેની રચના અંગે સમજ આપશે. | પંચાયતીરાજના માળખામાં તાલુકા પંચાયતની રચના વિષે સમજ મેળવશે. |
| ૪. | ૭૩ મો બંધારણીય સુધારો.૧૯૯૩ | ૧:૩૦ કલાક | સચિત્ર કાર્ડ ગેમ | દરેક સહ્ભાગીદારોને ગોળ કુંડાળામાં ઉભા રાખવા,વચ્ચે કાર્ડ રાખવા,દરેક સહ્ભાગીને એક એક કાર્ડ ઉપાડવાનું કહેવું,ત્યાર બાદ કાર્ડમાં આપેલ ચિત્ર જેવું સમાન ચિત્ર કાર્ડ ધરાવતું જે સહભાગી પાસે છે તેની સાથે જોડી બનાવીને ઉભા રહેવા/કાર્ડની જોડી બનાવવાનું કહેવું,તમામ સહભાગીઓ પોતાના કાર્ડની સમાન ચિત્ર વાળી જોડી બનાવી લે ત્યાર બાદ કાર્ડ ઉપર લખેલું વાક્ય પૂરું થશે,તેને વાંચવા | કાર્ડ ગેમ દ્વારા ૭૩ મો બંધારણીય સુધારાની મુખ્ય બાબતોથી તમામ સહભાગીઓ માહિતગાર થશે. |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | | અને તેનો અર્થ શું થાય તે સહભાગી જણાવે તેવી સુચના આપવી,તાલીમકાર દ્વારા તે વાક્યો બોર્ડ ઉપર લખશે,તે તમામ વાક્યોથી ૭૩ માં સુધારણાની બાબતોથી પરિચિત કરશે. | |
| ૫. | તાલુકા પંચાયતની કામગીરી, **પંચાયત ધરાની કલમ-૧૩૦,૧૩૧.** | ૧ કલાક | બોર્ડ/પેન | પ્રશ્નોતરી-તમામ સહભાગીઓને પોતાને જે સમજમાં હોય તે એક એક કામગીરી વિષે જે જાણતા હોય તે ઉભા થઈને રજુઆ કરવા કહેવું,તાલીમકાર દ્વારા બોર્ડ વચ્ચે ગોળ કુંડાળું દોરશે,તેમાં **“તાલુકા પંચાયતની કામગીરી”લખશે**,કુંડાળાની આજુબાજુ સહભાગીઓ દ્વારા જે કામો વ્યક્ત કરવામાં આવશે તેને ટૂંકા શબ્દોમાં લખવામાં આવશે.દા.ત.   | સહભાગીની સતત ભાગીદારીથી તાલુકા પંચાયતની કામગીરીથી સરળતાથી પરિચિત થશે. |
| ૬. | તા.પં.પ્રમુખ અને ઉપપ્રમુખ,સભ્યો અને તાલુકા વિકાસ અધિકારીની સત્તા અને કાર્યો,પંચાયત કાયદાની કલમ-૬૯ (૧)(ક)મુજબ આ પ્રમાણે પ્રમુખની,કલમ | **૧:૩૦** | **કટ કાર્ડ,બોર્ડ,માર્કર/ચોક** | **કાર્ડ ગેમ-** સહભાગીઓની સંખ્યા મુજબ ૩/૪(૫ થી ૧૫ જણ ) ગ્રુપ પાડવા.,દરેક ગ્રુપને તેના ગ્રુપ લીડર નક્કી કરવા કહેવું.ત્યારબાદ દરેક ગ્રુપને વારાફરતી એક એક કાર્ડ આપવું,તેમાં લખેલું કામ કોનું છે તે ગ્રુપમાં ચર્ચા કરી લીડર દ્વારા રજુ કરવા કહેવું,સાચો જવાબ ૧૦ માર્ક્સ અને ખોટો જવાબ -૫ (માઈન્સ)દરેક કાર્ડના જવાબ બોર્ડ ઉપર લખેલ/લગાવેલ ચિત્ર નીચે **(પ્રમુખ,સભ્યો,તાલુકા** | વિવિધ કલમો અને કાયદાકીય જોગવાઈ મુજબ તાલુકાના અધિકારી અને પદાધિકારીઓ પોતાની ભૂમિકા સમજશે. |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | -૭૦,૭૧,૭૨ ,૧૨૭,૧૨૮ મુજબ સભ્યોની, કલમ-૧૩૬,૧૩૭ મુજબ તાલુકા વિકાસ અધિકારીની . | | | **વિકાસ અધિકારી)**કાર્ડ લગાવવા.બધા કાર્ડ પુરા થાય પછી તાલીમકાર દ્વારા મુખ્ય કોની ભૂમિકા શું છે તે ચિત્ર નીચે લગાવેલ કાર્ડના માધ્યમથી સમજાવશે.એક વાત હંમેશા તાલીમકારને ધ્યાન રાખવી કે લોકશાહીમાં ચૂંટાયેલ પ્રતિનિધિનું ખાસ મહત્વ હોય છે અને તે સર્વોપરી છે.અધિકારી વહીવટી કામ માટે છે. કાયદાકીય શાસન વ્યવસ્થાને ચલાવવા માટે માર્ગદર્શક તેમજ જવાબદાર છે. | |
| ૭. | **તાલુકા પંચાયતની બેઠક/સભા (કલમ-૬૩,૬૯,૧૨૨)** | **૧ કલાક** | **લેકચર** | તાલીમકાર દ્વારા પંચાયતની સામાન્ય સભાને મૌખિક રજૂઆત કરીને આ મુજબના મુખ્ય મુદાઓને બોર્ડ પર લખશે.<br>તાલુકા પંચાયતના ચૂંટાયેલ સભ્યોની પહેલી મીટીંગ બોલાવાવની હોય છે.પેટા કલમ-૩ મુજબ વિકાસ કમિશનર હોદાની ફાળવણી કરવાની છે.અનામત હોદાની વારાફરતી ૧૯૯૪ ના નિયમો મુજબ ફાળવવાની રહેશે.નિયમિત રીતે પંચાયતની સામાન્ય સભાઓ બોલાવવા માટે આ મુજબના નિયમો છે.<br>• દર ૩ માસે ભરવાની રહેશે.<br>• એક તૃતિયાંસ/ત્રીજા ભાગના સભ્યો જો લેખિકમાં પ્રમુખને માંગણી કરે તો પ્રમુખે ફરજીયાત મીટીંગ બોલાવવી પડશે. | પંચાયતની સામાન્ય સભા અને તેની પ્રક્રિયાથી તાલુકાના પદાધિકારીઓ પરિચિત થશે. |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | | | | • તમામ સભ્યોએ હાજરી આપવાની હોય છે.લાગલગાટ ૩માસ સુધી જો સભ્ય ગેરહાજર રહે તો તેમનું સભ્ય પદ ગુમાવી બેશસે.<br>• સભામાં ગેરહાજર રહેવા કે બહાર ગામ જવા માટે મંજુરી માંગે તો ૪ માસ સુધી પંચાયત મંજુરી આપી શકે.<br>• પંચાયતના સભ્યો ઠરાવોની નકલ ફી આપ્યા વિના મેળવી શકશે.<br>• વિવધ સમિતિઓની સભા બોલાવવા માટે આયોજન કરવું.વર્ષ દરમિયાન કરવાની સભાની તારીખો અગાઉથી નક્કી કરવી.<br>• પ્રમુખે મંત્રીની મદદથી સભાની કામગીરી શું કરવી તે નક્કી કરશે.<br>• પંચાયતની કોઇપણ બાબતે ઠરાવ કરીને નિર્ણય લેવાનો છે.<br>• એજન્ડા/નોટીશ જાહેર-પ્રસિદ્ધ થયા પછી તેને રદ કરી શકાશે નહિ.<br>• બહુમતીએ પસાર કરેળો ઠરાવ એ પંચાયતનો નિર્યણ ગણાય તેવા નિર્ણયને આધારે કરેલો હુકમ યોગ્ય કે ગેરકાયદેસર જણાય તો કલમ-૨૫૯ | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | | હેઠળ સુધારવા કે રદ કરવા રાજ્ય સરકારને અધિકાર છે. | |
| ૮. | તાલુકા પંચાયતની વિવિધ સમિતિઓ,રચના,સત્તા અને કાર્યો.(કલમ-૭૬,૧૨૩) | ૧ કલાક | પોસ્ટર | પોસ્ટરની મદદથી પોસ્ટરને દીવાલ/બોર્ડ ઉપર લગાવવું કે પેન/ચોકથી દોરીને છેલ્લે બેઠેલા સહભાગી સરળતાથી જોઈ શકે તેનું ધ્યાન રાખવું.પંચાયતના નિયમ મુજબ એક એક સમિતિની રચના,હેતુ,કાર્ય,મુદત,કોણ સભ્ય હોય તે બાબતોથી વાકેફ કરીને તેનું મહત્વ સમજાવવું.તેના અન્ય કોઈ જગ્યાના સકારાત્મક/સક્રિય સમિતિના અનુભવ કોઈ સહ્ભાગીનો હોય તે રજુ કરવા જણાવવું.જેથી અન્ય સહભાગીઓને પ્રેરણા મળે.દા.ત.<br><br> | કાયમી ન હોય તેવી જરૂરત મુજબની સમિતિની પૂર્વ મંજુરીથી સમિતિ રચી શકાય તે અંગે માહિતી મેળવશે. |
| ૯. | વાર્ષિક અંદાજપત્ર પત્ર,કલમ૧૩૮,સુધારેલ,અંદાજ૧૩૯,૧૪૦,૧૪૧ | ૧ કલાક | ગ્રુપ ચર્ચા | દરેક તાલુકા પંચાયતને દરેક નાણાકીય વર્ષનું એટલે એપ્રિલ થી માર્ચ ૩૧ તારીખ સુધીનું આવક અને જાવકનો અંદાજ માંડવાનો છે.આ અંદાજના દસ્તાવેજને "અંદાજપત્ર" કહેવામાં આવે છે.જેને અંગ્રેજીમાં આપને "બજેટ" કહીએ છીએ.તેની સૌ પહેલા સ્પષ્ટતા તાલીમકાર દ્વારા કરીને ગ્રુપમાં પંચાયતની આવકના સાધનો/સ્ત્રોત શું છે તે પૂછવું.તમામની સહભાગીતા આવે તે માટે દરેક જણ એક એક આવકનું સાધન કહે તેવી | બજેટ બનાવવું ફરજીયાત છે.તેની તકેદારી રાખવાની સભાનતા આવ્વશે. |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | | સુચના આપવી.જે આવકના સાધન સહભાગીઓ જણાવે તેને બોર્ડની વચ્ચે લાઈન દોરી બે ભાગ બનાવવા ૧.આવક.અને ૨.જાવક .   | |
| ૧૦. | આયોજન | ૧ કલાક | ગ્રુપ ચર્ચા અને આયોજન | તમામ સહ્ભાગીઓની સંખ્યા મુજબ ૪/૫ વ્યક્તિઓનું ગ્રુપ બનાવવા,તેમના મત વિસ્તારમાં મુખ્ય સમસ્યા.પ્રશ્નો શું છે તેની ગ્રુપમાં ચર્ચા કરશે,મુખ્ય સમસ્યાની યાદી દરેક ગ્રુપ તૈયાર કરશે,ગ્રુપ વતી કોઈ એક જણ જે ગ્રુપ નક્કી કરે તે તેની રજૂઆત કરશે.આમ દરેક ગ્રુપની રજૂઆત બાદ આવેલ સમસ્યાને તાલુકાના બજેટમાં કઈ રીતે અનુરૂપ થશે તેની ચર્ચા તાલુકા વિકાસ અધિકારી સાથે મીટીંગ કરી આયોજન કરશે. | તાલુકાના વિસ્તારોની/ગ્રામ પંચાયતોની મુખ્ય સમસ્યા/જરૂરત મુજબ આયોજન થશે.નાણાની ફાળવણી યોગ્ય રીતે થવાથી પારદર્શકતા આવશે. |
| ૧૧. | સહ્ભાગીઓના મંતવ્યો | ૨૫ મિનીટ | કટ કાર્ડ,પેન | દરેક સહભાગી તાલીમ અંગે પોતાને કઈ બાબત સૌથી અસરકારક લાગી? આવી તાલીમોમાં કેવા વિષય/મુદાઓ આવરી લેવા જોઈએ?તે જણાવશે. | તાલીમ ગુણવતા અને જરૂરત મુજબની છે કે નહિ તે તાલીમકાર તરીકે ફીડબેક મળશે. |
| ૧૨ | અભાર | ૧૦ મિનીટ | મૌખિક રીતે. | આયોજક દ્વારા તાલીમ વ્યવસ્થા,જગ્યા,ભાગ લેનાર,હાજર અધિકારી,તાલીમ આપનાર સૌનો શાબ્દિક અભાર | સંબંધોનું શિષ્ટાચારથી જાળવણી થશે. |